# VASHISTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2026-27)

Date: ________ Class:2 Div: Roll No: ______ Sub:2LGujarati

Name: ______________________________________ Worksheet:CH-1,2-Ans

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

પ્ર.૧ દુનિયાભરના રાજા કોણ છે ?

જ.૧ ઈશ્વર અથવા પ્રભુ દુનિયાભરના રાજા છે.

પ્ર.૨ પ્રભુજી ક્યાં ઊભા છે ?

જ.૨ પ્રભુ આકાશમાં ઊભા છે.

પ્ર.૩ પ્રભુજીએ પગમાં શું પહેર્યું છે ?

જ.૩ પ્રભુજીએ પગમાં ઝાંઝર પહેર્યા છે.

**લેખિત**

પ્ર.૧ પ્રભુજી યમુના કિનારે શું કરે છે ?

જ.૧ પ્રભુજી યમુના કિનારે ઊભા રહીને વાંસળી વગાડે છે.

પ્ર.૨ પ્રભુજી કોને પગે લાગે છે ?

જ.૨ પ્રભુજી માતા જશોદાને પગે લાગે છે.

પ્ર.૩ સાગર જળમાં કોણ સૂતું છે ?

જ.૩ સાગર જળમાં પ્રભુજી સૂતાં છે.

પ્ર.૪ કવિતામાં કયા ભગવાનની વાત કરી છે ?

જ.૪ કવિતામાં ભગવાન શ્રીકૃષ્ણની વાત કરી છે.

૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.

૧. મીઠી બંસી કોણ બજાવે છે ?

☐ ભગવાન રામ ☑ ભગવાન કૃષ્ણ ☐ ભગવાન શંકર

૨. ભગવાને કેવા વસ્ત્રો પહેર્યાં છે ?

☑ પીળા ☐ લીલા ☐ લાલ

૩. પ્રભુજી કેવા છે ?

☐ મોટા ☑ નાના ☐ પાતળા

૩. **કવિતા પૂર્ણ કરો.**

યમુના કિનારે ···ઊભા છે.···

···મીઠી મીઠી બંસી બજાવે છે.···

···પીળા પીતાંબર પહેર્યા છે,···

···જશોદાને પાયે લાગે છે···

···પગમાં ઝાંઝર પહેર્યાં છે,···

···રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે···

૪. **મૂલ્યવર્ધક પ્રશ્નો.**

···શ્રીકૃષ્ણ··· ···શ્રીરામ··· ···મહાદેવ··· ···હનુમાન···

## ભાષાજ્ઞાન

૧. **વિરોધી શબ્દો**

મીઠી × ···કડવી··· સૂતાં × ···જાગતાં···

નાના × ···મોટા··· રાજા × ···રાણી···

૨. **યોગ્ય માત્રા લગાવો.**

···પ્રભુજી··· ···યમુના···

૩. **કવિતામાંથી નામ શોધીને લખો.**

નદી ···યમુના··· **માતા** ···જશોદા···

૪. **કોણ કેવું છે ? એ જણાવો.**

બંસી ···મીઠી··· વસ્ત્ર ···પીળા··· પ્રભુજી ···નાના···

## સ્વાધ્યાય

૧. **પ્રશ્નોત્તર**

**મૌખિક**

૧. **નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.**

**૧. દરબારીઓ માટે ભોજન સભારંભ કોણે રાખ્યો હતો ?**

જ. ૧ દરબારીઓ માટે ભોજન સભારંભ બાદશાહ અકબરે રાખ્યો હતો.

**૨. બાદશાહ અકબર કોને પ્રેમથી જમાડી રહ્યા હતા ?**

જ. ૨. બાદશાહ અકબર બીરબલ અને બધા દરબારીઓને પ્રેમથી જમાડી રહ્યા હતા.

**૩. સેવક થાળીમાં શું લઈને આવ્યો ?**

જ. ૩. સેવક થાળીમાં કેરીની ચીરીઓ લઈને આવ્યો.

## લેખિત

**૧. બાદશાહ અકબર કેમ બીરબલથી નારાજ થયા હતાં?**

જ. ૧. કારણકે જ્યારે અકબર બાદશાહ બીરબલને આગ્રહથી જમાડી રહ્યા હતા ત્યારે બીરબલે ભૂખ નથી એવું કહ્યું અને જ્યારે સેવક કેરી લઈને આવ્યો ત્યારે બીરબલ તરત કેરીની ચીરીઓ લઈને ખાઈ ગયો. આથી બાદશાહ અકબર બીરબલથી નારાજ થઈ ગયા.

**૨. બાદશાહની સવારી આવે ત્યારે લોકો કેવી રીતે અભિવાદન કરે છે ?**

જ. ૨. જ્યારે બાદશાહ અકબરની સવારી નીકળે છે ત્યારે માર્ગમાં લોકો રસ્તો કરી આપે છે અને નમસ્કાર કરીને અભિવાદન કરે છે.

**૩. બાદશાહ અકબર બીરબલને કઈ ભેટ આપે છે ?**

જ. ૩. બાદશાહ અકબર બીરબલને કેરીથી ભરેલી ટોપલી અને અન્ય કિંમતી ભેટો આપે છે.

**પ્રશ્ન ૨. નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

૧. દરબારીઓ **સ્વાદિષ્ટ વાનગીઓ** નો સ્વાદ માણી રહ્યા હતા.

૨. બીરબલે **કેરી** ની ચીરીઓ ખાધી હતી.

૩. બાદશાહ અકબરે સેવક પાસે કેરીની **ટોપલી** મંગાવી.

**પ્રશ્ન ૩. વિરોધી શબ્દો લખો.**

| | |
|---|---|
| સ્વાદ × બેસ્વાદ | પ્રેમ × નફરત |
| હોંશિયાર × મૂર્ખ | ખુશ × નાખુશ, નારાજ |

**પ્રશ્ન ૪. નીચે આપેલા વિધાન ખરા છે કે ખોટા તે જણાવો**

૧. બીરબલે પેટ ભરીને ભોજન કર્યું હતું. ☑

૨. બીરબલનું મન ગુલાબજાંબુને જોઈને લલચાઈ ગયું. ☒

૩. રાજા અકબરને બીરબલ પર ગુસ્સો આવ્યો. ☑

૪. સેવક પાસે બાદશાહે કેરીની ટોપલી મંગાવી. ☑

**પ્રશ્ન ૫ નીચે આપેલ શબ્દો પરથી વાક્ય બનાવો.**

૧. દાળ – ભાત : માયાને ભોજનમાં દાળ-ભાત પ્રિય છે.

૨. આકાશ : આકાશ તારાઓથી ભરેલું છે.

૩. વીજળી : વર્ષાઋતુમાં વીજળીના કડાકા થાય છે. .

૪. કપડાં : રાજેશે ઠંડીમાં કપડાનું દાન કર્યું.